સહનશીલ બનવા માટે ઈશ્વરીય ન્યાયમાં પરમ શ્રદ્ધા અતિઆવશ્યક છે - ધૂમકેતુ

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૧૧૩ | ૩ જુલાઇ, ૨૦૧૩, બુધવાર; જ્યેષ્ઠ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# રાંધેજા રાજ્યનું પ્રથમ રૂર્બન વિલેજ બનશે

## ગુરૂવારે મંત્રીઓની ઉપસ્થિતિમાં ગટરલાઈનના પ્રથમ તબક્કાની કામગીરીનું લોકાર્પણ

## રૂર્બન વિલેજ પ્રોજેક્ટ અંતર્ગત રૂ. ૧૫ કરોડના વિકાસના કામો હાથ ધરાયા છે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાનું રાંધેજા ગામ રાજ્યનું પ્રથમ રૂર્બન વિલેજ બનશે. આગામી તા. ૪થી જુલાઈને ગુરૂવારના રોજ આ ગામે રૂર્બન વિલેજના પ્રથમ ભાગ તરીકે સંપન્ન થયેલ ગટરલાઈનના કામનું લોકાર્પણ કરવામાં આવશે.

ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા આ લોકાર્પણનો ભવ્યાતિભવ્ય કાર્યક્રમ રાંધેજા ખાતે યોજવામાં આવ્યો છે. જેમાં પંચાયત મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, જિલ્લાના પ્રભારી મંત્રી અને નાણાંમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ તથા રાજ્ય પંચાયત મંત્રી શ્રી જયંતિભાઈ કવાડિયા તેમજ જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ ભીખીબેન ઠાકોર ઉપસ્થિત રહેનાર છે.

રાંધેજા ખાતે રૂર્બન પ્રોજેક્ટ અંતર્ગત રૂ. ૧૫ કરોડ મંજૂર કરવામાં આવ્યા હતા. જે પૈકી પ્રથમ તબક્કામાં ગટરલાઈનની કામગીરી સંપન્ન થઈ છે.

મળતી વિગતો પ્રમાણે રાંધેજા ગામની ૧૨ હજાર વસ્તીને બે હજારથી વધુ મકાનોને આવરી લેતી ૩૬ હજાર મીટર લાંબી ગટરલાઈનનું આ નેટવર્ક બે વર્ષના ગાળામાં ઉભુ કરવામાં આવ્યું છે. રૂ. ૬ કરોડથી પણ વધુના ખર્ચે ઉભા કરાયેલ આ નેટવર્ક બાદ હવે રૂ. પાંચ કરોડના ખર્ચે

● અનુસંધાન પાના-૭ પર



(તસવીર : નિકેશ બારોટ)

જગતનો તાત જુવે વાટ વરસાદની : મેઘરાજાની ચાતક નજરે રાહ જોવાય છે. જગતના તાતની આસપાસ ચિંતાના વાદળો ઘેરાયા છે. ધરતી માતાની તરસ છીપાવવા અને જગતના તાતની લાજ રાખવા મેઘરાજા હવે પધારો... જગતનો તાત રોજ સવારે ચિંતાની મુદ્રામાં મેઘરાજાની રાહ જુવે છે. વરસાદ ખેંચાતા સમયસરની ખેતી માટે ખેડૂત મુંઝાતો જાય છે. ખેતી આધારીત તમામ વેપાર ઉદ્યોગ પર પણ ચિંતાનું મોજું પ્રસર્યું છે. કૃષિપ્રધાન દેશમાં હજુ પણ આપણી ખેતી વરસાદ આધારીત જ છે. જેથી ચોમાસાના આરંભે ખેડૂતની મૂંઝવણ એક જ હોય છે કે વરસાદ સમયસર આવે તો ખેતીનો પ્રારંભ સમયસર થઈ શકે અને પ્રારંભ અને ઉછેર જેવી મહત્ત્વની પ્રક્રિયાઓ ચોમાસાના ત્રણ મહિનામાં સંપન્ન થાય તો ખેડૂતના જીવને હાશ થાય... ખેતીની ઘટતી જતી જમીન, વરસાદની અનિયમિતતા, મોઘા થતા બિયારણો અને મોંઘવારીના ચક્કરમાં ફસાતો જતો ખેડૂત દિન-પ્રતિદિન વધુ ચિંતાગ્રસ્ત બનતો જાય છે. એમાંય અષાઢનું આગમનના સાથે વરસાદનું આગમન બને એવી પરમાત્માને પ્રાર્થના કરતો હોય છે.

# વરસાદ ખેંચાતા કૃષિ વિભાગે આકસ્મિક પાક-આયોજનની કવાયત હાથ ધરી

## આગામી સપ્તાહે કલેક્ટર દ્વારા પરિસ્થિતિની સર્વગ્રાહી સમીક્ષા બેઠકના સંકેત

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતમાં વરસાદ ખેંચાતા ઉભી થયેલી સ્થિતિને પહોંચી વળવા માટે આકસ્મિક પાક-આયોજન તૈયાર કરવાની કવાયત જિલ્લા ખેતીવાડી તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

મળતી વિગતો મુજબ જિલ્લામાં વરસાદ ખેંચાતા ખરીફ પાકની વાવણી માટે આતુર ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે. જિલ્લામાં આ વર્ષે પણ છેલ્લા વીસ દિવસથી વરસાદ ખેંચાતા વાતાવરણમાં ગરમી, ઉકળાટના પ્રમાણમાં વધારો થયો છે. ગત વર્ષે પણ જુલાઈ માસમાં વરસાદ ખેંચાયો હતો.

આ વખતે પ્રિ-મોન્સુન એક્ટીવીટીની સક્રિયતા વધતાં સૌને સમયસર વરસાદ થશે તેવો અંદાજ હતો. સમયસર અને સારા ચોમાસાની આગાહી પણ તંત્ર દ્વારા કરવામાં આવી હતી.

જિલ્લા ખેતીવાડી તંત્રને પણ આ વખતે વિક્રમી વાવેતર થવાના અંદાજો હતા અને તે રીતે આખુ પાક આયોજન તૈયાર કરવામાં આવ્યું હતું. જિલ્લામાં એક લાખ ૫૧ હજાર હેક્ટર વિસ્તારમાં વાવેતરના અંદાજો હતા.

મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ચોમાસા-૨૦૧૩માં અત્યાર સુધીમાં સિઝનનો સરેરાશ ૧૦ ટકા વરસાદ નોંધાયો છે. બે ઈંચ જેટલો વરસાદ પ્રારંભમાં થતાં ખેડૂતોએ વાવણી કાર્ય આરંભ્યું હતું. પરંતુ વરસાદ ખેંચાતા તેમાં ગતિ ધીમી પડી જવા પામી છે. અત્યાર સુધીમાં જિલ્લામાં ૩૦ હજાર હેક્ટરમાં વાવેતર થયું છે.

આકસ્મિક પાક-આયોજનમાં ઘાસચારાના પાકના વાવેતર ઉપરાંત ટુંકા ગાળાના પાક-ઉત્પાદન પર ભાર મુકવામાં આવશે તેમ તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ ઉભી થઈ રહેલી પરિસ્થિતિ પર તંત્ર દ્વારા ચાંપતી નજર રાખવામાં આવી રહી છે અને આગામી સપ્તાહે સર્વગ્રાહી સમીક્ષા માટે જિલ્લા કલેક્ટર શ્રી દ્વારા એક બેઠક બોલાવવાનું આયોજન પણ હાથ ધરાયું છે. જેમાં પીવાના પાણી સહિતના પ્રશ્નોની સમીક્ષા હાથ ધરવામાં આવશે.

# ડીસાના ભોયણ ગામેથી બગોદરા લૂંટ કેસની ટ્રક ઝડપાઈ : લુટારા ફરાર

અમદાવાદ, તા. ૨

અમદાવાદના બગોદરાની પાસે આંગડીયા પેઢીના ૨૫ કરોડ લૂંટાતા ખળભળાટ મચી ગયો છે. અમદાવાદ જીલ્લાના બગોદરામાં આઈસર ગાડીની લુંટની ઘટના પ્રકાશમાં આવી છે. જેમાં નોંધનીય વાત એ છે કે આઈસરમાં આંગડીયા પેઢીના દસ થી વધારે પાર્સલ હતા. જેમાં ૨૫ કરોડનો મુદ્દામાલ હતો. આ ઘટનાની પોલીસને જાણ થતા જ પોલીસ દોડતી થઈ ગઈ છે. અને પોલીસે આઈસર ગાડીને જપ્ત કરી છે અને વધારે તપાસ હાથ ધરી છે.

અમદાવાદની બગોદરા પોલીસ સ્ટેશનમાં મોડી રાતે લુંટની ઘટના બન્યા બોવાની વાત મળતા તમામ પોલીસ દોડતી થઈ ગઈ હતી. કારણને લુંટનો આંકડો કરોડોમાં જાણવા મળ્યો હતો. આંગડીયા પેઢીની આઈસર ગાડી આમદાવાદના કાગડાપીઠથી રાજકોટ તરફ જવા રવાના થઈ હતી. જેમાં અલગ અલગ ૧૦ આંગડીયા પેઢી દ્વારા અનેક વેપારીઓનો માલ મુકવામાં આવ્યો હતો. તેમજ પોલીસે ડ્રાઈવર અને ક્લીનરની પૂછતાછ કરી હતી ત્યારે તેમણે જણાવ્યું કે રાત્રે રાણેસર ગામ પાસે છ થી સાત લુંટારુઓ આવીને છરી બતાવી ગાડીની લૂંટ ચલાવી અને બોલેરામાં આવેલા લુંટારુઓ ટ્રકના ડ્રાઈવર અને કંડક્ટરને નીચે ઉતારીને માર માર્યો હતો તેમજ બોલેરામાં બેસાડીને ટ્રક કબજે લઈ લીધી હતી અને બધા જ માલ મુદ્દાઓની લૂંટ કરીને ફરાર થઈ ગયા હતા.

● અનુસંધાન પાના-૭ પર

# સચિવાલયના ૭ ટકા કર્મચારીઓ કચેરી સમય કરતા વહેલા જાય છે

ગાંધીનગર, તા. ૨

સચિવાલયના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા અધિકારીઓ-કર્મચારીઓ પૈકી ૭ ટકા કર્મચારીઓ કચેરીના છુટવાના સમય પહેલા વહેલા ઘરે જતા હોવાનું સરકારના ધ્યાને આવ્યું છે. આવા કર્મચારી-અધિકારીઓને લેખિતમાં સૂચના આપવા વિભાગોના વડાઓને તાકીદ કરવામાં આવી છે.

સચિવાલયના વિવિધ વિભાગોમાં ફરજ બજાવતા અધિકારીઓ અને કર્મચારીઓની હાજરી નિયમિત કરવા માટે રાજ્ય સરકારે મસ્ટર પ્રથા બંધ કરીને સચિવાલયમાં પ્રવેશ માટે એક્ષપ્લોરા મશીનો લગાવવામાં આવ્યા છે.

કર્મચારી અધિકારીઓને કાર્ડ આપવામાં આવ્યા છે. આ કાર્ડ એક્ષપ્લોરા મશીન પર સ્વેપ કરવાથી કર્મચારી અધિકારીએ કેટલા વાગ્યે પ્રવેશ મેળવ્યો કેટલા વાગ્યે કચેરી છુટવાના સમયે બહાર ગયા તેની સમય સાથે નોંધ થઈ જાય છે.

સચિવાલયમાં આ પ્રવેશ પ્રથા દાખલ કરવામાં આવ્યા બાદ કર્મચારીઓ અધિકારીઓની હાજરીની નિયમિતતામાં કેટલો સુધારો થયો તે અંગે મુખ્ય સચિવ કક્ષાએ સમયાંતરે બેઠકો યોજવામાં આવે છે. સમીક્ષા બેઠક દરમ્યાન કચેરીએ આવવાના સમય કરતાં કેટલાક કર્મચારીઓ મોડા આવતા હોવાનું અને કચેરી છુટવાના સમય કરતાં વહેલા જતા હોવાનું ધ્યાન પર આવવા પામ્યું હતું.

# જિલ્લા શિક્ષણ તંત્ર પાંચ હજાર વૃક્ષ મિત્ર બનાવશે

## હરિયાળા જિલ્લાના નિર્માણ માટે શાળાઓમાં પાંચ હજારથી વધુ વૃક્ષોનું વાવેતર કરાશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓમાં હવે 'વૃક્ષ મિત્ર' નામની નવતર યોજનાની અમલવારી માટેનો તખ્તો શિક્ષણ વિભાગ દ્વારા તૈયાર કરી દેવામાં આવ્યો છે.

વૃક્ષ પ્રત્યેનો પ્રેમ વધે તેમજ ગ્લોબલ વોર્મિંગની અસરોને નાથી શકાય તે માટે સઘન વનીકરણની દિશામાં સરકાર આગળ વધી રહી છે ત્યારે આ વર્ષે જિલ્લાની પ્રા. શાળાઓમાં પાંચ હજાર વૃક્ષ મિત્રો બનાવાની આ નવતર યોજના તૈયાર કરવામાં આવી છે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી બહાદુરસિંહ સોલંકીના જણાવ્યાનુસાર પ્રા. શાળાના કેમ્પસમાં ઓછામાં ઓછા ૧૦૦ વૃક્ષોનું વાવેતર આ ચોમાસામાં કરાશે. આ વૃક્ષ જે બાળક વાવે તેને વૃક્ષ મિત્ર તરીકેની ઓળખ અપાશે. આ બાળક સ્કુલમાં ભણે ત્યાં સુધી તે વૃક્ષના જતનની જવાબદારી સંભાળશે.

વૃક્ષ વાવનાર બાળક જયારે ધો-૮ પાસ કરીને ઉચ્ચ શિક્ષણ માટે જાય ત્યારે તેને વૃક્ષ મિત્ર તરીકેનું પ્રમાણપત્ર આપી બહુમાન કરવામાં આવશે. વૃક્ષ વાવણી જ નહિ પણ તેના જતનની સ્વૈચ્છિક જવાબદારી બાળક સંભાળે તે આ યોજનાનો હેતુ છે.

શ્રી સોલંકી એ એવો પણ નિર્દેશ આપ્યો હતો કે વૃક્ષોના જતન માટે બાળકોમાં સ્પર્ધાનું પણ આયોજન વિચારાધીન છે. આ વૃક્ષો શિક્ષકો દ્વારા દત્તક પણ લઈ શકાશે. તેમણે જણાવ્યું હતું કે આ યોજના થકી શાળાઓમાં નીમકુંજ જેવું રમણીય વાતાવરણ ઉભું કરી શકાશે અને બાળકોને ભણતરની સાથે પ્રકૃતિ શિક્ષણ પણ આપી શકાશે.

તેમણે જણાવ્યું હતું કે આ યોજનાના અમલીકરણ માટે દરેક શાળાના આચાર્યને જરૂરી માહિતી સાથેનો વિગતવાર પરિપત્ર પણ જારી કરી દેવામાં આવ્યો છે.

ગુજરાત સરકારમાં Dy.S.P./ DC / SO TDO / મામલદાર ની નોકરી મેળવો!
GPSC વર્ગ 1/2
અંદાજીત જગ્યાઓ 1350+
100% ગેરંટી પૂર્વકનું શિક્ષણ
બ્રિલિયન્ટ બેચ-2014
ગાંધીનગર શાખા માટે જ
GPSC વર્ગ-1/2 માટે જ ખાસ
પ્રિલિમ/ મુખ્ય લેખિત કે ઈન્ટરવ્યુંના કોઈપણ સ્ટેજે નાપાસ થવાથી
ફી પરતની લેખિત ખાતરી સાથે
ઈકોનોમિક બેચ-2014
11.7.2013 | 6-45 થી 8-00 | સોમ થી ગુરૂ
28.7.2013 | 6-30 થી 9-00 | શનિ / રવિ
18.8.2013 | 7-30 થી 10-00 | શનિ / રવિ
28.7.2013 | 4-00 થી 6-30 | શનિ / રવિ
TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર - 9537614606
મહેસાણા - 9537614607

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેક્ટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ફોન : ૨૩૨ ૮૭૧૧૫
મો ૯૭૨૫૧૯૮૩૬૬
મો ૯૪૨૬૨ ૭૦૪૮૧

વેલકમ હમ દિલસે કરતે હૈ...
હોટલ ઘુંઘટનું નવું વધુ એક સોપાન
નવવિકસીત ગાંધીનગરમાં
હોટલ મીડલ ટાઉન
ભોજન માટે સ્પેશ્યલ ઈન્ડીયન (પંજાબી), કોન્ટીનેન્ટલ, ચાઈનીઝ, આઈસ્ક્રીમ+ કોલ્ડ્રીંક
એક્ઝીક્યુટીવ લન્ચ : રૂ.૧૯૦
પાવર લન્ચ : રૂ.૧૫૦
એ.સી. બેન્કવેટ હોલ (૨૫૦ વ્યક્તિની કેપેસીટી)
● પાર્કીંગ વ્યવસ્થા
● લીફ્ટની સુવિધા
પ્રમુખ આર્કેડ (ઘ-૦થી આગળ)
ફોન : ૦૭૯-૨૦૨૨૮૮૮૭, ૨૩૨ ૧૩૮૮૭ ● મો. : ૯૪૦૮૨ ૮૮૮૮૩
web : www.hotelmiddletown.com Email : enquiry@hotelmiddletown.com